જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૯/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૪૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૯	૦	૧૧૬૩૯	૧૭૭૫૦	૦	૧૭૭૫૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૮	૦	૧૦૮	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૦૩૪૭	૮૪	૭૦૪૩૧	૭૧૩૦૯	૮૭	૭૧૩૯૬
કુલ		૮૬૮૨૭	૮૪	૮૬૯૧૧	૯૫૭૧૫	૮૭	૯૫૮૦૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૫	૩,૮૮,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૬૭	૮,૬૭,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

પ્રોહિબીશનના ગુનામા પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ખુબ જ મોટા જથ્થામાં દેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણના ગુનામાં પકડાયેલ બહેન નામે લલીતા ઉર્ફે બોડી ડો/ઓ ભુરાજી જાતે વણઝારા ઉ.વ.૨૬ રહે. મ.નં.૧૦૩/૧૫ ચીમનલાલ મહાસુખરામની ચાલી ગેટ નં.૨, ચમનપુરા મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૦૬૪૬/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૧૪૮૩/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(એ) મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૧૯૬૦/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(એ) મુજબ તથા નં.(૪) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૨૦૩૦/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(એ), ૮૧ મુજબ તથા નં.(૫) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૧૦૮૦૪/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઈ) મુજબ તથા નં.(૬) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૧ ૧૦૮૧/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઈ) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી બહેન વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૯૩/૨૦૨૧ તા.૦૭/૦૯/૨૦૨૧ થી પાસા અટકાયતી તરીકે "મધ્યસ્થ જેલ-વડોદરા" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી બહેનને આજરોજ તા.૦૭/૦૯/૨૦૨૧ ના કલાક ૨૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-વડોદરા" ખાતે મોકલી આપેલ છે.તા.૦૭/૦૯/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ આર.ડી.જાડેજા
(૨) અ.હે.કો નવનીતકુમાર હસમુખલાલ બ.નં.૯૮૨૬
(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૪૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૧૬૯ લીટર દેશી દારૂ, ૨૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૪૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ- **સમાચાર યાદી નં.૧૬૪૪/૨૦૨૧**

રામોલઃ હીરલબહેન બ્રીજેશકુમાર સેવક (ઉ.વ.૨૭) (રહે. સરીતા રેસીડેન્સી-૪ નર્મદા એપાર્ટમેન્ટ સામે વસ્ત્રાલ રીંગ રોડ રામોલ) તા.૦૬/૦૯/૨૦૨૧ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે રામોલ ન્યુ મણીનગર ત્રણ રસ્તા નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ હીરલબહેન સેવકના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ હીરલબહેન સેવકે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૬૪૫/૨૦૨૧**

ઘાટલોડીયાઃ અરવિંદભાઇ કાંતિલાલ પટેલ (ઉ.વ.૫૭) (રહે. યશકુંજ સોસાયટી પ્રભાતચોક પાસે ઘાટલોડીયા) એ એકલવાયા જીવનથી કંટાળી તા.૦૭/૦૯/૨૧ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ કાનાભાઇ ચલાવે છે.

રિવરફ્રંટ વેસ્ટઃ મેહુલ શંકરભાઈ મકવાણા (ઉ.વ.૧૭) (રહે. જય ગીરનારી ચાલીના છપરાં નવી દુધવાળી ચાલી સામે બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૯/૨૦૨૧ સાંજના ૫/૧૫ વાગ્યા પહેલા જમાલપુર બ્રિજ નીચે ફુલ બજાર તરફ નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચન્દ્ર આત્મારામ ચલાવે છે.

સાબરમતીઃ જીતેન્દ્રકુમાર ગાભાજી ઠાકોર (ઉ.વ.૨૯) (રહે. ગણેશ કચરાજીની ચાલી સુરભી હોટલ પાસે પાવર હાઉસ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૯/૨૦૨૧ બપોરના ૨/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પતરાની છતની લોખંડની એન્ગલ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિંહ વિજયસિંહ ચલાવે છે.

શહેરકોટડાઃ પ્રેમસિંગ ઉર્ફે લાલો ઇન્દ્રસિંગ રાજાવત (ઉ.વ.૩૦) (રહે. મણીલાલ મફતલાલની ચાલી બુધ્ધનગર સામે નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૯/૨૦૨૧ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રિતેશકુમાર ગોવિંદભાઇ ચલાવે છે.

કૃષ્ણનગરઃ જીગ્નેશભાઇ રસીકભાઇ દીવાન (ઉ.વ.૪૧) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૯/૨૦૨૧ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિજયકુમાર મારૂતીરાવ ચલાવે છે.

નિકોલઃ જયેશકુમાર હરગોંવિદદાસ પંચાલ (ઉ.વ.૪૨) (રહે. સાંઇ પ્લેટેનિયમ સંકલ્પ સ્કુલ ચાર રસ્તા પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૯/૨૦૨૧ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયપ્રકાશ અમૃતલાલ ચલાવે છે.

નારોલઃ સંદીપકુમાર કૃષ્ણકુમાર ચૌધરી (ઉ.વ.૩૦) (રહે. ભગીરથ સીટી હોમ્સ નારોલ કોર્ટ સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૯/૨૦૨૧ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં રસ્સી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિહ સવસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી